RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY

# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રાજકોટ-અમદાવાદ હાઈવેના બામણબોર તથા બગોદરા ટોલનાકાની વચ્ચેના રસ્તાઓને તાત્કાલીક રીપેર કરવા અંગે સરકાર સમક્ષ રજુઆત કરવામાં આવેલ...

રાજકોટ સૌરાષ્ટ્રનું પાટનગર હોય રાજકોટ થી અમદાવાદ, ગાંધીનગર, વડોદરા અને મુંબઈ તથા અન્ય શહેરોને જોડતો રોડ છે અને વ્યાપારી,ઈન્ડસ્ટ્રીયલ, રાજકિય, મેડીકલ, ટુરીઝમ જેવા વિવિધ ક્ષોત્રો સાથે સંકળાયેલ લોકો અમદાવાદ તથા અન્ય શહેરોમાં દિવસ રાત અવર જવર કરતા હોય છે.

ત્યારે રાજકોટ થી અમદાવાદ જતા બામણબોર તથા બગોદરા ટોલનાકાની વચ્ચેના ફોર લાઈનના રસ્તાઓ તુટી જવાથી ખુબ જ બિસ્માર હાલતમાં થઈ ગયા છે અને મોટા ખાડાઓ પડી ગયેલ છે. જેના કારણે રાહદારીઓને પારાવાર મુશ્કેલીઓ પડી રહી છે. તેમજ મુસાફરી દરમ્યાન આ બન્ને ટોલનાકાની વચ્ચેથી પસાર થવામાં આશરે ૧ કલાકથી વધુનો સમય લાગે છે. સાથો સાથ ઈંધણનો પણ વ્યય થાય છે અને પર્યાવરણને પણ નુકશાન થતું હોય છે. હાલ ચોમાસાની સિઝન શરૂ થયેલ છે ત્યારે આ રસ્તાઓ ઉપર મોટા ખાડાઓને કારણે પાણી ભરાતા ગંભીર અકસ્માતો થવાનો પણ ભય રહે છે. તેથી રાજકોટ થી અમદાવાદ જતા બામણબોર તથા બગોદરા ટોલનાકાની વચ્ચેના ફોર લાઈનના રસ્તાઓ તાત્કાલીના ધોરણે રીપેર કરવા તેમજ હાલ રાજકોટ-અમદાવાદ ૬ લેનની કામગીરી ચાલી રહી છે ત્યાં કુવાડવા રોડ પર ઓવરબ્રીજ બનતો હોવાથી તેની નીચેના બન્ને સર્વિસ રોડ પણ ખરાબ થઈ ગયેલ છે તો તે પણ તાત્કાલીક રીપેર કરી આ બન્ને સર્વિસ રોડ પહોળા કરવા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા કેન્દ્રીય રોડ ટ્રાન્સપોર્ટ હાઈવે મંત્રીશ્રી નિતિનભાઈ ગડકરી, ગુજરાત રાજયના ટ્રાન્સપોર્ટ મંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી તથા નેશનલ હાઈવેના પ્રોજેકટ ડાયરેકટરશ્રી હરમેન્દ્રસિંઘ રોટ્રવાલ સમક્ષ રજુઆત કરવામાં આવેલ છે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.